અપીલ અરજી નં.૩૨૬ તા.૧૮–૧ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી અજય ચંદ્રનાથ શર્મા
સામાવાળાઃ–(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)
(૨) ઈ.ચા.ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)
(૩) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)
(૪)સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (હાઈડ્રોલીક,રોડ વિભાગ, લીંબાયતઝોન)
(૫) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)
(૬) ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)
(૭) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)
(૮) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ડ્રેનેજ)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી અજય ચંદ્રનાથ શર્માની તા.૨૨–૧૧–૧૦ ની અરજીથી (૧) સુરત મહાનગરપાલિકા ધ્વારા સુરત મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં જાહેર રોડ, રસ્તા ખોદવા માટે ખાનગી સંસ્થા, કંપની કે વ્યકિત (જે કોઈ પણ લાગુ પડે તે તમામ) માટે કયા નિયમો બનાવવામાં આવ્યા છે આ નિયમોની અત્યાર સુધીના સુધારા–વધારા સાથેની સંપૂર્ણ વિગતો. (૨) રોડ–રસ્તાનું ખોદકામ કરનારાઓ જો નિયમોનું પાલન ન કરે તો તેઓ વિરુધ્ધ કરવાની કાર્યવાહીની સંપૂર્ણ વિગતો વિગરે મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૮–૧–૧૧ ની **SMC/FAP/** નં.૩૨૬/૨૦૧૦–૧૧

શ્રી અજય ચંદ્રનાથ શર્માની તા.૨૨–૧૧–૧૦ ની અરજીથી (૧) સુરત મહાનગરપાલિકા ધ્વારા સુરત મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં જાહેર રોડ, રસ્તાખોદવા માટે ખાનગી સંસ્થા, કંપની કે વ્યકિત (જે કોઈ પણ લાગુ પડે તે તમામ) માટે કયા નિયમો બનાવવામાં આવ્યા છે આ નિયમોની અત્યાર સુધીની સુધારા– વધારા સાથેની સંપૂર્ણ વિગતો. (૨) રોડ–રસ્તાનું ખોદકામ કરનારાઓ જો નિયમોનું પાલન ન કરે તો તેઓ વિરુધ્ધ કરવાની કાર્યવાહીની સંપૂર્ણ વિગતો. વિગરે મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી આપવા બાબતે મળેલા પ્રતિભાવથી તથા નહીં મળેલી માહિતીથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૮–૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથે અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ પણ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૨૦૬ તા.૨૫–૧–૧૧ થી (૧)ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)(૨) ઈ.ચા.ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) (૩) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)(૪)સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (હાઈડ્રોલીક,રોડ વિભાગ, લીંબાયતઝોન) (૫) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) (૬) ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) (૭) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) (૮) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ડ્રેનેજ) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને (૧)સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૬૩૧ તા.૧૦–૨–૧૧ થી પૂરક વિગતોમાં સેન્ટ્રલઝોન ખાતે વસુલ કરવામા આવેલ રસ્તા ખોદાણ , ડીપોઝીટ કે ડ્રેનેજ કનેકશન રીપેરીંગ લીકેજ વિગેરે વસુલ લીધેલ નાણા અંગેની રસીદોની નકલો,લીકેજ મેળવવા અંગેના પરમીશન ફોર્મ નોંધ વિભાગ, મુળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર .સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૩૧૩ તા.૨૧–૧૨–૧૦ ના પત્રની નકલ, સેન્ટ્રલઝોન તરફથી તબદીલ થયેલ પત્રની નકલ , સા.સ. ઠરાવ નં.૩૨૬/૨૦૦૮ ના પત્રની નકલ, સ્થા.સ. ઠરાવ ન.૧૫૧૫/૨૦૦૬ ના ઠરાવની નકલ, ટોરેન્ટોને આપેલ મંજુરી અંગેના પત્રોની નકલ, ગુજરાત ગેસ કંપની, ટોરેન્ટો પાવરના ડીપોઝીટ ,તથા વસુલ કરેલ નાણા અંગેનું વિગતો દર્શાવતું પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે. (૨) જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. (૩) જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/ આ.નં.૧૨૬૪ તા.૧–૨–૧૧ થી પૂરક વિગતોમાં સેન્ટ્રલઝોનનો તબદીલ પત્ર, અરજદારની મુળ અરજીની નકલ, જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને આપેલી માહિતી અંગેનં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૧૨૦ તા.૨૩–૧૨–૧૦ થી આપેલી માહિતી અંગેનો પત્ર તથા તે પોસ્ટ કર્યા અંગેના પુરાવાની નકલ, નોંધ વિભાગ અત્રે મળેલ છે. (૪) જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૩૯૭૨ તા.૧૯–૨–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારને આપેલી માહિતી અંગેનો પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૩૯૭૧ તા.૧૯–૨–૧૧ ના પત્રની નકલ, તથા

સા.સ.ઠ. નં.૩૨૬/૨૦૦૮ ના ઠરાવની નકલ,અરજદારની મુળ અરજીની નકલ તથા તબદીલ અરજીની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગેપત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૩૩૯૭ તા.૨૯–૧૨–૧૦ ના પત્રની નકલ તથા તે પોસ્ટ કર્યા અંગેના પુરાવાની નકલ મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી રોડ અને હાઈડ્રોલીક વિભાગ તરફથી પત્ર નં. આરડીડી/૯૪૯ તા.૨૪–૨–૧૧ ના પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, તબદીલ અરજીની નકલ, નોંધ વિભાગ, અરજદારને રોડ વિભાગ તરફથી આપેલી માહિતી અંગે પત્ર નં.આરડીડી/આ.નં.૭૮૮ તા.૬–૧૨–૧૦ થી આપેલ માહિતી અંગેના પત્રની નકલ, દસ્તાવેજ ફી ભરપાઈ કર્યા અંગેની રસીદ નં.૧૧૧૩૭૦ તા.૧૪–૧૨–૧૦ ની નકલ, સા.સ.ઠ. નં.૩૨૬/૨૦૦૮ ની નકલ, સ્થા.સ.ઠ. નં.૧૫૧૫/૨૦૦૬ તા.૧૧–૧૦–૦૬ થી મંજુર કરેલ રસ્તા ખોદાણ ચાર્જીસના પત્રકની નકલ અત્રે મળેલ છે. (૫) જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી તા.૨–૨–૧૧ ના રોજ પૂરક વિગતોમાં પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૫૬૭ તા.૨૭–૧૨–૧૦ ના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ તથા તબદીલ અરજીની નકલ અત્રે મળેલ છે. (૬) જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પૂરક વિગતોમાં પત્ર નં.નોર્થઝોન/આ.નં.૬૯૫૦ તા.૨–૨–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ તથા તબદીલ અરજીની નકલ ,અરજદારને માહિતી દસ્તાવેજ ફી ભરપાઈ કરવા અંગે પાઠવેલ પત્ર નં.એન.ઝેડ/આ.ન.૫૬૫૨ તા.૨–૧૨–૧૦ ના પત્રની નકલ તથા અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.એન.ઝેડ/આ.નં.૬૨૨૪ તા.૨૭–૧૨–૧૦ ના પત્રની નકલ અત્રે મળેલ છે. (૭) જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૭૧૧ તા.૯–૨–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, સા.સ.ઠ નં.૩૨૬/૨૦૦૮ ની નકલ, મુળ અરજીની નકલ, તબદીલ પત્રની નકલ તથા અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઝોન/ટેક./૬૦૯ તા.૨૧–૧૨–૧૦ ના પત્રની નકલ અત્રે મળેલ છે. (૮) જાહેર માહિતી અધિકારી ડ્રેનેજ તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૨૨–૧૧–૧૦ ની અરજીથી માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી મુખ્ય કચેરી મુગલીસરા ખાતે રોડ–રસ્તાના ખોદકામ અંગેની વિગતે મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી અરજી કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન કાર્યપાલક ઈજનેર તરફથી ઈસ્ટઝોન, વેસ્ટઝોન,નોર્થઝોન, સાઉથઝોન, અઠવાઝોન, લીંબાયતઝોન, હાઈડ્રોલીક વિભાગ, ડ્રેનેજ વિભાગ અને કાર્યપાલક ઈજનેરને પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક ૧૧૭૪ તા.૨૪–૧૧–૧૦ થી તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૧૨૦ તા.૨૩–૧૨–૧૦ થી મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૫૬૭ તા.૨૭–૧૨–૧૦ થી મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી પૂરી પાડવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૬૦૯ તા.૨૧–૧૨–૧૦ થી માહિતી પૂરી પાડવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૩૩૯૭ તા.૨૯–૧૨–૧૦ થી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી રોડ વિભાગ તરફથી પત્ર નં.આરડીડી/આ.નં.૭૮૮ તા.૬–૧૨–૧૦ થી માહિતી પૂરી પાડવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૫૬૫૨ તા.૨–૧૨–૧૦ થી માહિતી અંગેના નાણા ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવેલ જે રસીદ નં.૧૧૧૩૬૯ તા.૧૪–૧૨–૧૦ ના રોજ ભરપાઈ કરતાં પત્ર નં.એન.ઝેડ/આ.નં./૬૨૨૪ તા.૨૭–૧૨–૧૦ ના રોજ પૂરી પાડવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૩૧૩ તા.૨૧–૧૨–૧૦ થી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ.જે બાબતે અરજદારે જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને આપેલ પ્રત્યુત્તરથી નારાજ થઈ પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/૧૧૨૦ તા.૨૩–૧૨–૧૦ થી નારાજ થઈ તા.૧૮–૧–૧૧ ના રોજ કરેલ અપીલમાં અરજીના મુદ્દા નં.૪ ની માહિતી બાબતે જવાબદાર અધિકારઓના નામ સત્તા અને નંબરની વિગતો મળેલ નથી. તેવી રજૂઆત કરેલ છે. જયારે મુદ્દા નં.૭ બાબતે વિસ્તૃત માહિતી જેવી કે કોના વિરુધ્ધ કયા પ્રકારની કેટલી વખત કાર્યવાહી કરી તેની વિગતો મળેલ નથી. તેવું જણાવી જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને અપીલ અરજી કરેલ છે. (૨)જાહેર માહિતીઅધિકારી લીંબાયતઝોન તરફથી અરજદારને આપેલ માહિતી સા.ઈ.ઝોન /મહેકમ/૩૩૯૭ તા.૨૯–૧૨–૧૦ ના નિર્ણયથી નારાજ થઈ મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી અધૂરી તથા મુદ્દા નં.૫ સુસંગત ન હોવાનું તથા મુદ્દા નં.૭ નો જવાબ ઉડાઉ હોવાનું જણાવી તા.૧૮–૧–૧૧ ના રોજ જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન વિરુધ્ધ અપીલ અરજી કરેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીએ અપીલ તબકકે અરજદારને પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૩૯૭૧ તા.૧૯–૨–૧૧ થી અપીલ સંદર્ભે પૂરક વિગતોમાં માહિતી પૂરી પાડવામાં આવેલ છે. અરજદારે જાહેર માહિતી અધિકારી હાઈડ્રોલીક તરફથી માહિતી નહીં મળ્યા અંગે તા.૧૮–૧–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી હાઈડ્રોલીક તરફથી અરજદારને પત્ર નં.આરડીડી/આ.નં.૭૮૮ તા.૬–૧૨–૧૦ થી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. અરજદારે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૫૬૭ તા.૨૭–૧૨–૧૦ થી આપેલ માહિતી અંગે નારાજ થઈ મુદ્દા નં.૪ નો જવાબ અધૂરો છે જેમાં નામ નંબર અને હોદ્દો જણાવેલ નથી જયારે મુદ્દા નં.૭ અંગે વિસ્તૃત માહિતી જેવી કે, કોના વિરુધ્ધ કયા પ્રકારની કેટલી અને કયા મુદ્દાની વિગતો આપેલ નથી તેવું જણાવી તા.૧૮–૧–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જયારે અરજદારે જાહેર માહિતી અધિકારી ઉધનાઝનો તરફથી પત્ર નં.સા .ઝોન/ટેક/૬૦૯ તા.૨૧–૧૨–૧૦થી આપેલી માહિતીથી નારાજ થઈ તા.૧૮–૧–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં મુદ્દા નં.૧ થી ૩ ના ઠરાવની નકલ મળેલ નથી. મુદ્દા નં.૪માં જવાબદાર અધિકારીઓના નામ નંબર અને

હોદ્દાની વિગતો મળેલ નથી. મુદ્દા નં.૬ અને ૭ માં સમયગાળા તા.૩૦–૧૨–૧૦ ના પત્રમાં જણાવેલ છે. તેવું જણાવેલ છે. અને તેના વિવરણની વિગતો મળેલ નથી તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. અરજદારની અરજીના મુદ્દા નં.(૧) સુરત મહાનગરપાલિકા ધ્વારા સુરત મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં જાહેર રોડ, રસ્તા ખોદવા માટે ખાનગી સંસ્થા, કંપની કે વ્યકિત (જે કોઈ પણ લાગુ પડે તે તમામ) માટે કયા નિયમો બનાવવામાં આવ્યા છે આ નિયમોની અત્યાર સુધીના સુધારા– વધારા સાથેની સંપૂર્ણ વિગતો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી સ્થાયી સમિતિ ધ્વારા કરવામાં આવેલ અલગ અલગ ઠરાવની નકલના પાના નંગ–૧૬ મેળવવા ઝોન કચેરીએ રૂા.૩૨/– ભર્યેથી મેળવી શકાશે તેવું સમય મર્યાદા બાદ જણાવેલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી સુરત મહાનગરપાલિકાના હદ વિસ્તારના રસ્તા ખોદવા માટે માસિક સાધારણ સભાના ઠશાવ નં.૩૨૬/૨૦૦૮ તા.૨૩–૪–૦૮ ના સંદર્ભમાં જરૂરી સક્ષમ સત્તાની મંજુરીથી નિયમોને આધિન આપવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. અરજદારે અપીલમાં અધૂરી માહિતી હોવાનો દાવો કરેલ છે પરંતુ કઈ માહિતી અધૂરી છે તે અંગે કોઈ આધાર પુરાવા રજૂ કરેલ નથી. સુરત મહાનગરપાલિકાના સત્તા મંડળના અન્ય ખાતાઓ તરફથી અરજદારને સદર ઠરાવની નકલો પૂરી પાડવામાં આવેલ છે તેમ છતાં અરજદારે તમામ જાહેર માહિતી અધિકારી પાસેથી તેવા ઠરાવની નકલોનો આગ્રહ રાખેલ છે જે અંગે લીંબાયતઝોનના લાગત જાહેર માહિતી અધિકારી તરફથી પણ સદર ઠરાવની નકલો પૂરક વિગતોમાં પૂરી પાડેલ છે. જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી આ બાબતે સ્થાયી સમિતિ ધ્વારા કરવામાં આવેલ અલગ અલગ ઠરાવની નકલ રૂા.૧૦/– (પાના નંગ–૫ ) ભર્યેથી નકલ આપવામાં આવશે તેવું સમય મર્યાદા બાદ જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી સુ.મ.પા. ધ્વારા તેની હદ વિસ્તારમાં જાહેર રોડ, રસ્તા ખોદવા માટે ખાનગી સંસ્થા,કંપની કે વ્યકિતને લાગતુ પડતા નિતિ નિયમોની નકલો પૂરી પાડવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી સુમપાની સા.સ.ઠ નં.૩૨૬/૦૮ તા.૨૩–૪–૦૮ મુજબના પ્રર્વતમાન ઠરાવ મુજબ જાહેર રોડ રસ્તા ખોદાણ માટે ખાનગી સંસ્થા કે કંપની કે વ્યકિત રસ્તા ખોદાણની મંજુરી આપવામાં આવે છે તેવું જણાવેલ છે. (૨) રોડ–રસ્તાનું ખોદકામ કરનારાઓ જો નિયમોનું પાલન ન કરે તો તેઓ વિરૂધ્ધ કરવાની કાર્યવાહીની સંપૂર્ણ વિગતો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી સ્થાયી સમિતિ ધ્વારા કરવામાં આવેલ અલગ અલગ ઠરાવની નકલના પાના નંગ–૧૬ મેળવવા ઝોન કચેરીએ રૂા.૩૨/– ભર્યેથી મેળવી શકાશે તેવું નિયત સમય અવધિ બાદ જણાવેલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી સુરત મહાનગરપાલિકાના હદ વિસ્તારના રસ્તા ખોદવા માટે માસિક સાધારણ સભાના ઠરાવ નં.૩૨૬/૨૦૦૮ તા.૨૩–૪–૦૮ ના સંદર્ભમાં જરૂરી સક્ષમ સત્તાની મંજુરીથી નિયમોને આધિન આપવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. અરજદારે અપીલમાં અધૂરી માહિતી હોવાનો દાવો કરેલ છે પરંતુ કઈ માહિતી અધૂરી છે તે અંગે કોઈ આધાર પુરાવા રજૂ કરેલ નથી. અરજદારની અપીલ તબકકેની રજૂઆત બાદ જાહેર માહિતી અધિકારીએ મુદ્દા નં.૨ ના અધૂરા જવાબની રજૂઆત પ્રશ્ને પૂરક માહિતીમાં રોડ રસ્તાના બાંધકામ કરનારાઓને નિયમોનું પાલન ન કરે તો તેઓ માટે ઉપરોકત ઠરાવના મુદ્દા નં.૪ પ્રમાણે પેનલ્ટી વસુલ લેવાની રહે છે તેવું જણાવેલ છે સાથે મુદ્દા નં.૧ અંગે નિર્દિષ્ટ ઠરાવની નકલો પણ પૂરી પાડયાનું જણાય છે. જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી આ બાબતે સ્થાયી સમિતિ ધ્વારા કરવામાં આવેલ અલગ અલગ ઠરાવની નકલ રૂા.૧૦/– (પાના નંગ–૫ ) ભર્યેથી નકલ આપવામાં આવશે તેવું સમય મર્યાદા બાદ જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી સર્વીસ પ્રોવાઈડર કું. વગર પરવાનગીએ ખોદાણ કરેલ હાલનો રૂા.૧૬૫/– પ્રતિ રનીંગ મીટર પ્રમાણે દંડ વસુલ કરવાની જોગવાઈ છે તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી મુદ્દા નં.૧ માં જણાવેલ ઠરાવની શરતોને આધીન રોડ–રસ્તાનું ખોદકામ કરનાર વિરૂધ્ધ કાર્યવાહી કરવામાં આવે છે. તેવું જણવોલ છે. (૩) રોડ રસ્તાનું ખોદકામ કરવા માટે કઈ રીતે મંજુરી આપવામાં આવે છે. કઈ શરતોને આધિન આપવામાં આવે છે અને તેઓ પાસેથી રોકડ રકમ કઈ રીતે અને કેટલી તેમજ કયા પ્રકારે વસુલવામાં આવે છે તેની સંપૂર્ણ વિગતો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી સ્થાયી સમિતિ ધ્વારા કરવામાં આવેલ અલગ અલગ ઠરાવની નકલના પાના નંગ–૧૬ મેળવવા ઝોન કચેરીએ રૂા.૩૨/– ભર્યેથી મેળવી શકાશે તેવું સમય મર્યાદા બાદ જણાવેલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી સુરત મહાનગરપાલિકાના હદ વિસ્તારના રસ્તા ખોદવા માટે માસિક સાધારણ સભાના ઠરાવ નં.૩૨૬/૨૦૦૮ તા.૨૩–૪–૦૮ ના સંદર્ભમાં જરૂરી સક્ષમ સત્તાની મંજુરીથી નિયમોને આધિન આપવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. અરજદારે અપીલમાં અધૂરી માહિતી હોવાનો દાવો કરેલ છે પરંતુ કઈ માહિતી અધૂરી છે તે અંગે કોઈ આધાર પુરાવા રજૂ કરેલ નથી. અરજદારના અપીલ તબકકે અધૂરી માહિતી અંગે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પૂરક માહિતી તરીકે રોડ રસ્તાના ખોદકામ માટે ઉપરોકત ઠરાવને આધિન મંજુરી આપવામાં આવે છે. તમામ શરતોનો આ ઠરાવના મુદ્દા નં.૧ થી ૧૦ માં સમાવેશ કરવામાં આવેલ છે. રસ્તા ખોદાણ કરનારી સંસ્થા પાસે માંગવામાં આવેલી પરવાનગી મુજબ રીસ્ટોરેશન ચાર્જ (વનટાઈમ) વાર્ષિક ભાડુ અને સીકયુરીટી ડીપોઝીટ રોકડા/ચેકથી જમીન મિલ્કત ખાતામાં વસુલ કરવામાં આવે છે. તેવું જણાવેલ. જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી આ બાબતે સ્થાયી સમિતિ ધ્વારા કરવામાં આવેલ અલગ અલગ ઠરાવની નકલ રૂા.૧૦/– (પાના નંગ–૫ ) ભર્યેથી નકલ આપવામાં આવશે તેવું નિયત સમય અવધિ બાદ જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી સર્વીસ પ્રોવાઈડર રસ્તા ખોદાણ ચાર્જની ડીપોઝીટ ચેકથી જમા કરાવેલ છે તેમજ રસ્તા ખોદાણ માટે આપવામાં આવતી પરમીશનોમાં શરતોને સામેલ કરવામાં આવે છે. તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી મુદ્દા નં.૧ માં જણાવેલ ઠરાવની શરતો પ્રમાણે જરૂરી રસ્તા ખોદાણને લગતી તમામ વસુલાત કરવામાં આવે છે. તેવુ જણાવેલ છે. (૪) રોડ રસ્તાના ખોદકામ માટે પાલિકાના તમામઝોનમાં તમામ સ્તરે કયા

અધિકારીઓને સત્તા આપવામાં આવી છે તેમજ આપેલ મંજુરી ગેરકાયદેસર ખોદકામ જોવાની જવાબદારી કોની છે તેની સંપૂર્ણ વિગત ઉપરાંત તમામ ઝોન અને તમામ સ્તરે જવાબદાર અધિકારીઓનીનામ નંબર હોદ્દા સહિતની સંપૂર્ણ વિગતો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પ્રસ્તુત મુદ્દા અંગે રોડ રસ્તાના ખોદકામ માટે તમામઝોનના કાર્યપાલક ઈજનેરશ્રીને સત્તા આપવામાં આવેલ છે અને આપેલ મંજુરી કે ગેરકાયદેસર ખોદકામ બાબતે અત્રેના ઝોન ધ્વારા જે તે વિસ્તારના રસ્તા વિભાગના જુની. ઈજનેર ધ્વારા વખતોવખત દેખરેખ રાખવામાં આવે છે. તેવું જણાવેલ. અરજદારે અપીલમાં મુદ્દા નં.૪ બાબતે જવાબદાર અધિકારીઓના નામ, હોદ્દા અને નંબરની વિગતો પૂરી પાડવાની રહે જે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન પૂરી પડાયેલ જણાતી નથી. જે જાહેર માહિતી અધિકારીએ પૂરી પાડવાની રહે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી રસ્તાના ખોદકામ માટે ઝોનના વડા કાર્યપાલક ઈજનેરશ્રીની સત્તાથી મંજુરી વિગતો આપવામાં આવે છે. જે બાબતે અરજદારે અપીલમાં જવાબ અધૂરો છે તેવું જણાવેલ છે. પરંતુ તે અંગે તમામ સ્તરે જવાબદાર અધિકારીના નામ, નંબર અને હોદ્દાની વિગતો પૂરી પાડેલ નથી . જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોને અરજદારના અધૂરા જવાબ બાબતે રોડ રસ્તા ખોદકામ માટે ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રીને સત્તા આપવામાં આવેલ છે જે અંગે તમામ સ્તરે ગેરકાયદેસર રસ્તા ખોદકામ જોનાર સંયુકત અધિકારીઓના નામ, હોદ્દો અને કર્મચારી નંબરની વિગતો અપીલ તબકકે પૂરક પત્રથી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી આ બાબતે રોડ રસ્તા ખોદકામ માટે તમામ ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રીને સત્તા આપવામાં આવેલ છે આપેલ મંજુરી કે ગેરકાયદેસર ખોદકામ બાબતે વરાછાઝોન ધ્વારા જે તે વિસ્તારના રસ્તા વિભાગના જુની. ઈજનેર/આસી. ઈજનેર ધ્વારા વખતોવખત દેખરેખ રાખવામાં આવે છે. જેમાં અરજદારે અપીલ તબકકે જવાબ અધૂરી છે અને નામ નંબર અને હોદ્દાની વિગતો પૂરી પાડેલ નથી તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી કતારગામઝોનના કાર્યપાલક ઈજનેરશ્રી તરફથી સર્વીસ પ્રોવાઈડર કંપનીએ સુરત મહાનગરપાલિકાના નિતિ નિયમોને આધિન પરમીશનો આપવામાં આવે છે જે અંગે જવાબદાર લાગત અધિકારીઓનો નામ, હોદ્દો તથા ફોન નંબરની વિગતો જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી રસ્તા ખોદાણ મંજુરી માટે જે તે ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રીને સત્તા આપવામાં આવેલ છે અને તે મંજુરીને આધિન રસ્તા ખોદાણને લગતી કામગીરી જોવાની જવાબદારી ઝોનના ટેકનીકલ સ્ટાફની હોય છે. તેવું જણાવેલ છે. પરંતુ જવાબદાર અીધકારીઓના નામ, નંબર હોદ્દાની વિગતો પૂરી પાડેલ નથી. (૫) રોડ–રસ્તા ખોદવાના જેટલા વિભાગો અલગ તારવવામાં આવ્યા હોય જેવા કે વાયર પાસ કરવા, ગટર માટેના વિગેરે જેવા તમામ વિભાગો ઉપરોકત મુદ્દા નં.૧ થી ૪ ની તમામ માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી સ્થાયી સમિતિ ધ્વારા કરવામાં આવેલ અલગ અલગ ઠરાવની નકલના પાના નંગ–૧૬ મેળવવા ઝોન કચેરીએ રૂન.૩૨/– ભર્યેથી મેળવી શકાશે તેવું જણાવેલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી રસ્તાના ખોદવાના કામ અંગે લીંબાયતઝોનના વિભાગ તરફથી અલગ તારવવામાં આવ્યા હોય, જે અંગેની કાર્યવાહી ઝોન મારફતે ડીપાર્ટમેન્ટલી થતી હોય છે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે અપીલમાં જવાબ સુસંગત નથી તેવું જણાવેલ છે. જે અંગે અરજદારને જાહેર માહિતી અધિકારીએ અપીલ દરમ્યાન પૂરક પત્રથી મુદ્દા નં.૪ માં રોડ રસ્તા ખોદકામ માટેના ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રીને સત્તા આપવામાં આવેલ છે. તે સિવાયના ગેરકાયદેસર રસ્તા જોનાર અધિકારીઓના નામ હોદ્દા સહિતની કર્મચારી સહિતની અલગ તારવેલી વિગતો પૂરી પાડેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી આ બાબતે સ્થાયી સમિતિ ધ્વારા કરવામાં આવેલ અલગ અલગ ઠરાવની નકલ રૂા.૧૦/– (પાના નંગ–૫ ) ભર્યેથી નકલ આપવામાં આવશે તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી મુદ્દા નં.૧ થી ૪ માં દર્શાવ્યા પ્રમાણે વિભાગોની કામગીરી કરવામાં આવે છે. તેવું જણાવેલ છે. (૬) મધ્યસ્થ કચેરી તેમજ પાલિકાના તમામ ઝોન ધ્વારા અત્યાર સુધીમાં જાહેર રોડ– રસ્તાઓ ખોદવા માટે આપેલ મંજુરીની સંપૂર્ણ વિગતો જેવી કે મંજુરી મેળવનારનું નામ,સરનામું, કયાંથી કયાં સુધીની કયા પ્રકારની ખોદકામની મંજુરી આપવામાં આવી છે તે કેટલા સમયમાં પૂર્ણ કરવાનું છે તેની વિગતો તેઓ ધ્વારા વસુલવામાં આવેલી રકમ, મંજુરી ક્રમાંક વિગેરે લાગતી વળગતી માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી સદર મુદ્દા અંગે ઝોન કચેરીના સમય દરમ્યાન રૂબરૂ દફતરી ચકાસણી કરી જોઈતી નકલોની માહિતી મેળવી શકો છો. તેવું નિયત સમય બાદ જણાવેલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી રસ્તા ખોદવા માટે આપવામાં આવેલી મંજુરીની સંપૂર્ણ વિગતો ઝોનના રસ્તા વિભાગના દફતરી ચકાસણી કરી તમોને જરૂરી જોઈતી માહિતીની નકલો આપવામાં આવશે જે અંગે ઝોનના રોડ વિભાગના લાગત ડે.ઈજનેર, આસી. ઈજનેર અથવા જુની. ઈજનેરશ્રીનો ઝોન કચેરીના કામકાજના દિવસોએ સાંજે ૪.૦૦ થી ૬.૦૦ કલાક દરમ્યાન સ્વયં સંપર્ક સાધી દફતરી ઈન્સ્પેકશન કરી જરૂર મુજબની નકલો મેળવી શકાશે તેવું નિયત સમય અવધિ બાદ જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી અત્યાર સુધીમાં જાહેર રોડ–રસ્તા ખોદવા માટે આપેલ મંજરીથી વિગતો વિસ્તૃત પ્રમાણમાં હોય દફતરી ચકાસણી કરી નિયત રકમ ભરવાથી જોઈતી નકલો મેળવી શકાશે. તેવું નિયત સમય બાદ જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી આપના તરફથી માંગવામાં આવેલી માહિતી સ્પષ્ટ થતી ન હોય જે અંગે રૂબરૂ આવી ચર્ચા કરી મેળવી લેવા સમય અવધિમાં જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી આપે માંગેલી માહિતીનો સમયગાળો જણાવ્યેથી ઉપલબ્ધ રેકર્ડ મુજબ માહિતી પૂરી પાડવામાં આવશે તેવુ જણાવેલ છે. (૭) સુરત મહાનગરપાલિકાના નિયમોનું પાલન ન કરનારાઓ વિરુધ્ધ અત્યાર સુધીમાં પાલિકા અધિકારીઓ ધ્વારા કરવામાં આવેલ કાર્યવાહીની સંપૂર્ણ વિગતો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી સદર બાબતે

સુરત મહાનગરપાલિકાના નિયમોનું પાલન ન કરનાર વિરુધ્ધ સને ૨૦૦૮–૦૯ પછી સુરત મહાનગરપાલિકાના અધિકારીઓ ધ્વારા કરવામાં આવેલ દંડની રકમ ૩,૩૬,૫૫૦/– અલગ અલગ એજન્સીઓ પાસેથી વસુલ કરવામાં આવેલ છે. તેવું જણાવેલ. અરજદારે પાલન ન કરનાર વિરુધ્ધની કાર્યવાહીની માંગણી કરેલ છે જે અંગે જાહેર માહિતી અધિકારીએ દંડ વસુલાત અંગેની વિગતો પૂરી પાડેલ છે. અરજદારે અપીલ તબકકે પૂરક માહિતીમાં કોના વિરુધ્ધ કયા પ્રકારની અને કેટલી વખત કાર્યવાહી કરી તેવી માહિતીનો આગ્રહ રાખેલ છે. અરજદારને મુળ અરજીના પરિપ્રેક્ષ્યમાં માહિતી પૂરી પાડેલ છે પરંતુ અરજદારે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદા પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે જે અંગે મુદ્દા નં.૭ નું પણ દંડ અંગેની લાગત ફાઈલનું ઈન્સ્પેકશન કરી ખરાઈ કરી શકે છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી ગેરકાયદેસર રસ્તા ખોદાણના લંબાઈના આધારે નિયમોનું પાલન ન કરનાર વિરુધ્ધ પેનલ્ટી વસુલ કરવામાં આવે છે. તેવું જણાવેલ છે. અરજદારે અપીલ તબકકે મુદ્દા નં.૭ ના ઉડાઉ જવાબના દાવા અંગે પૂરક વિગતોમાં જાહેર માહિતી અધિકારીએ આ અંગેના રસ્તા વિભાગના દફતરી ચકાસણી કરતાં સુરત મહાનગરપાલિકાના નિયમોનું પાલન ન કરનારા વિરુધ્ધ કાર્યવાહી/પેનલ્ટી વસુલ કરવામાં આવેલ નથી તેવું જણાવેલ છે. લીંબાયતઝોન તરફથી આ ઉપરાંત જાહેર માહિતી અધિકારીએ દફતરી ચકાસણી કર્યેથી સીડી આપવામાં આવશે તેવું પણ જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પૂર્વઝોન વરાછામાં સુરત મહાનગરપાલિકાના નિયમોનું પાલન ન કરનારાઓ વિરુધ્ધ ગત વર્ષમાં ૭૦૫૦૫૬/– વસુલ લેવામાં આવે છે. તેવું જણાવેલ છે.અરજદારે અપીલ તબકકે વિસ્તૃત માહિતી જેવી કે કોના વિરુધ્ધ કેટલા પ્રકારની કેટલી વખતે કાર્યવાહીની વિગતો આપેલ નથી તેવી રજૂઆત કરેલ છે. અરજદારને મુળ અરજીના પરિપ્રેક્ષ્યમાં માહિતી પૂરી પાડેલ છે પરંતુ અરજદારે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદા પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે જે અંગે મુદ્દા નં.૭ નું પણ દંડ અંગેની લાગત ફાઈલનું ઈન્સ્પેકશન કરી ખરાઈ કરી શકે છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી મુદ્દૃ નં.૬ પ્રમાણે સમયગાળો દર્શાવ્યેથી ઉપલબ્ધ રેકર્ડ મુજબની માહિતી પૂર પાડવામાં આવશે તેવું જણાવેલ છે. (૮) ઉપરોકત તમામ માહિતી અન્વયે જેટલી માહિતી કોમ્પેકટ ડીસ્ક (સીડી) સ્વરૂપે હોય તે તમામ સીડીમાં તેમજ સોફ્ટ કોપી ઉપલબ્ધ ન હોય તે સંજોગોમાં પ્રમાણિન નકલો અમારા ખર્ચે આપવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી મુદ્દા નં.૬ માં તપાસણીનો પ્રસ્તાવ કરેલ તેવું જણાવેલ . તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી ઉપરોકત તમામ માહિતી ઝોન કચેરીએથી દફતરી ચકાસણી કર્યેથી સીડી આપવામાં આવશે તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી અરજદારને પ્રશ્ન ક્રમાંક નં.૬ મુજબ હોવાનું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી મુદ્દૃ નં.૬ અને ૭ મુજબની માહિતી આપવામાં આવશે તેવું જણાવેલ છે. (૯) ઉપરોકત તમામ માહિતી ઝોન પ્રમાણે અલગ આપવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી સદર માહિતી સાઉથ ઈસ્ટઝોનની છે તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી અરજદારને કોઈ માહિતી પૂરી પડાયેલ જણાતી નથી. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પૂરક વિગતોમાં અરજદારને પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૩૧૩ તા.૨૧–૧૨–૧૦ ના રોજ માહિતી પૂરી પાડવામાં આવેલ છે. તેમજ અરજદાર જે માહિતીની નકલો જોઈતી હોય તે અંગે સદર માહિતીમાં નાણા ભરપાઈ કરી માહિતી આપવા તૈયારી દર્શાવેલ છે. વધુમાં જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોમાં નાણા જમા કરાવેલ ન હોઈ નકલો પૂરતી માહિતી આપેલ નથી તેવું જણાવેલ છે. અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીએ જણાવેલ નાણા ભરપાઈ કરી માહિતીની નકલો મેળવવા સ્વતંત્ર છે. જાહેર માહિતી અધિકારી હાઈડ્રોલીક અને રોડ તરફથી અરજદારને આરડીડી/આ.નં.૭૮૮ તા.૬–૧૨–૧૦ થી સુરત મહાનગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ મહાનગરપાલિકાના માલીકીની રસ્તાઓ ઉપર વિવિધ પ્રકારની સર્વીસ લાઈન નાંખવા માટે ખોદાણ કરવા અંગે ગુજરાત સરકારશ્રીના શહેર વિકાસ અને શ.વિ.ગૃ.નિ. વિભાગના તા.૪–૫–૦૭ ના ઠરાવ ક્રમાંક નપલ/૧૦૦૭/૨૦૨૫/મ થી નકકી કરવામાં આવેલ રોડ રીસ્ટોરેશન ચાર્જીસ, વાર્ષિક જમીન ભાડુ તથા ડીપોઝીટ વસુલ કરવા માટેની નિતીનો અમલ કરવા સુરત મહાનગરપાલિકાની સા.સ.ઠ નં.૩૨૬/૨૦૦૮ તા.૨૩–૪–૦૮ થી ઠરાવવામા ંઆવેલ છે. સદર ઠરાવ મુજબ રોડ રીસ્ટોરેશન ચાર્જ, વાર્ષિક જમીન ભાડુ તથા ડીપોઝીટ વસુલ લઈ સર્વીસ પ્રોવાઈડર્સને રસ્તા સુ.મ.પા.ની હદમાં રસ્તાઓને સર્વીસ લાઈન નાંખવા પરવાનગી માંગતી અરજી અન્વયે સબંધિત ઝોન કચેરી મારફત મંજુરી અંગેની કાર્યવાહી કરવાની રહે છે. ઠરાવની નકલ નિયમ ફી એક નકલના રૂા.૨/– લેખે ૫ પેજના રૂા.૧૦/– સુ.મ.પા.ના નાગરીક સુવિધા કેન્દ્રમાં જમા કરાવ્યા પછી જરૂરી રસીદની નકલ રજૂ કર્યેથી માંગેલ માહિતીની ઝેરોક્ષ મોકલી શકાશે. જે અંગે અરજદારે રસીદ નં.૧૧૧૩૭૦ તા.૧૪–૧૨–૧૦ થી રૂા.૧૦/– ભરપાઈ કરેલ છે. અને ઠરાવની નકલ પાના નંગ–૫ પરિશિષ્ટ–૧ સહિત મળ્યાની સહી સહિત રજૂ કરેલ છે. આમ અરજદારને માહિતી મળેલ છે. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી અરજદારને પત્ર નંએન.ઝેડ/આ.નં.૫૬૫૨ તા.૨–૧૨–૧૦ થી કુલ પાના નંગ–૧૪૦ પ્રતિ પાના દીઠ લેખે રૂા.૨૮૦/– ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવવામાં આવેલ. જે અંગે અરજદારને રસીદ નં.૧૧૧૩૬૯ તા.૧૪–૧૨–૧૦ થી રૂા.૨૮૦/– ભરપાઈ કરેલ . જેના સંદર્ભે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૬૨૨૪ તા.૨૭–૧૨–૧૦ થી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. અરજદારે ઉધનાઝોન ખાતે તા.૩૦–૧૨–૧૦ ના પત્રો તથા અપીલમાં મુદ્દૃ નં.૧ થી ૩ ની ઠરાવની પ્રમાણિ નકલો મુદ્દા નં.૪ અંગે જવાબદાર અધિકારીઓના નામ નંબર અને હોદ્દાની સંપૂર્ણ યાદી તથા મુદ્દા નં.૬ અને ૭ અંગે તા.૧–૧–૦૬ થી અત્યાર સુધીના વિગતવાર યાદી તથા સીડી કોમ્પેકટ સ્વરૂપે હોય તો મુદ્દૃ નં.૬ અને ૭ ની માહિતી પૂરી પાડવા જણાવેલ છે. પરંતુ અરજદારે મુદ્દા નં.૧ થી ૩ ની વિગતો અન્ય ખાતા રોડ વિભાગ તેમજ કતારગામઝોન, લીંબાયતઝોન તરફથી માહિતી પૂરી પડાયેલ તે અંગે કોઈ હુકમ કરવાનો રહે નહીં. જાહેર માહિતી

અધિકારી ડ્રેનેજ તરફથી અરજદારને માહિતી પૂરી પડાયેલ જણાતી નથી. તેમજ જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી અરજદારને માહિતી પૂરી પડાયેલ જણાતી નથી. જયારે અઠવાઝોન,ઉધનાઝોન તથા વરાછાઝોન તરફથી મુદ્દા નં.૪ ની માહિતી પૂરી પડાયેલ જણાતી નથી. તથા મુદ્દા નં.૭ અંગે અપીલ તબકકે ઉપસ્થિત કરેલ પૂરક વિગતોની રજૂઆત કરેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી માહિતી પૂરી પડાયેલ છે પરંતુ નકલો બાબતે નાણા ભરપાઈ કર્યેથી માહિતી આપવાની તૈયારી દર્શાવેલ છે. જયારે અન્ય ઝોન અને ખાતા તરફથી અરજદારને માહિતી પૂરી પડાયેલ જણાય છે.

સમગ્ર હકીકત ધ્યાને લેતાં અરજદારની મુળ અરજીના મુદ્દા નં.૧ થી ૫ પૈકી રસ્તા, ગટર,વાયર પાસ કરવા વિગેરે માટે ખોદકામના નિયમો અને તેના ભંગના કિસ્સામાં કાર્યવાહીની જોગવાઈ એની મંજુરી અને શરતો વિગેરેની માહિતીના મુદ્દા નં.૧ થી ૩ અને ૫ માં માંગેલ છે. સુરત મહાનગરપાલિકા જાહેર સત્તા મંડળ માટે બનાવેલા નિયમો, શરતો અને જોગવાઈ તમામઝોન અને ખાતાને એક સરખા લાગુ પડે. મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી અરજદારને સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી આરડીડી ધ્વારા નિયત સમય અવધિમાં દસ્તાવેજ ફી વસુલ લઈ અરજદારને નકલો પૂરી પાડવામાં આવેલ. તેવી જ રીતે જાહેર માહિતી અધિકારી કતારગામઝોન ધ્વારા પણ નિયત સમય અવધિમાં આ માહિતી અરજદારને પૂરી પાડેલ. તદઉપરાંત જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન ધ્વારા પણ નિયત સમય અવધિ બાદ અપીલ તબકકે અરજદારને વિના મૂલ્યે સદર માહિતી પૂરી પાડેલ છે. જેથી મુદ્દા નં.૧ થી ૩ અને ૫ માટે અપીલ તબકકે અરજદારની તકરારને સ્થાન રહેતું નથી. જયારે મુદ્દા નં.૪ અંગે અરજદારને અઠવા, વરાછા અને ઉધનાઝોન ધ્વારા સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષા હેઠળની માહિતી પૂરી પાડેલ નથી.

મુદ્દા નં.૬ અંગે અઠવા, વરાછા અને લીંબાયતઝોને અરજદારને દફતરી ઈન્સ્પેકશન અઠવા મુદ્દો સ્પષ્ટ ન હોય ત્યાં ચર્ચા માટે નિયત સમય અવધિ બાદ પ્રસ્તાવ કરેલ છે. જયારે ઉધનાઝોન ધ્વારા અરજદારને સમયગાળો સ્પષ્ટ કરવા પૃચ્છા કરેલ પરંતુ સમયગાળાની સ્પષ્ટતા બાદ પણ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી માહિતી અપાયેલ જણાતી નથી. જયારે સેન્ટ્રલઝોન ધ્વારા સમય અવધિની છેલ્લી તારીખે માહિતી પૂરી પાડી સાથે નકલો માટે દસ્તાવેજ ફી ભરપાઈ કરી મેળવી લેવા લાગત મુદ્દાઓમાં જણાવેલ છે.

અરજદારની અરજીની વિષય વસ્તુ જોતાં મુદ્દા નં.૬ અને ૭ આનુષાંગિક પણ જણાય છે અને મુદ્દા નં.૮ અરજદારે સીડીમાં તેમજ સોફટ કોપીની માંગણી કરેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૪–૧૨–૧૦ ની અરજીથી માંગેલ માહિતી અંગે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન અને ડ્રેનેજ વિભાગ તરફથી અરજદારને માહિતી કોઈ જ પૂરી પડાયેલ ન હોઈ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં તમામ માહિતી પૂરી પાડવા અનુક્રમે ઈ.ચા. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તથા એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ડ્રેનેજને જણાવવામાં આવે છે.

જયારે મુદ્દા નં.૪ અંગેની માહિતી જાહેર માહિતી અધિકારી અઠવાઝોન, વરાછાઝોન તથા ઉધનાઝોન તરફથી પૂરી પડાયેલ ન હોઈ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા અનુક્રમે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન ) તથા (ઉધનાઝોન) ને જણાવવામાં આવે છે.

મુદ્દા નં.૬ થી ૮ અંગે સેન્ટ્રલઝોન અને કતારગામઝોન ધ્વારા નિયત સમય અવધિમાં અરજદારને નિયત દસ્તાવેજ ફી ભરપાઈ કરી માહિતી મેળવી લેવા અગર ચર્ચા કરી માહિતી મેળવવા જણાવેલ હોઈ અરજદાર ઈચ્છુક હોય તો સદર બંને જાહેર માહિતી અધિકારીનો દિન–૭ ની અવધિમાં કચેરીના કામકાજના સમય દરમ્યાન આગોતરો સંપર્ક કરી નિયત દસ્તાવેજ ફી ભરપાઈ કરી માહિતી મેળવી લેવા સ્વતંત્ર છે. જયારે મુદ્દા નં.૬ થી ૮ અંગે અઠવા,વરાછા અને લીંબાયતઝોન ધ્વારા નિયત સમય અવધિ બાદ તપાસણીનો પ્રસ્તાવ કરેલ હોઈ દિન–૭ ની અવધિમાં અરજદારને તપાસણી પૂરી પાડી તે પૈકી ઉપલબ્ધ હોય તો સીડીની નકલ અન્યથા મુદ્દા નં.૬ અને ૭ ની માહિતી પૈકીની અરજદાર જણાવે તે નકલો વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ત્રણેય જાહેર માહિતી અધિકારીઓને જણાવવામાં આવે છે. તેવી જ રીતે ઉધનાઝોનના જાહેર માહિતી અધિકારી કક્ષએથી પણ મુદ્દા નં.૬ અને ૭ અંગે ઉપરની વિગતે અમલ કરવા જણાવવામાં આવે છે.

મુદ્દા નં.૧ થી ૩ અંગે અઠવા,વરાછા અને લીંબાયતઝોન ધ્વારા નિયત સમય અવધિ બાદ અરજદારને પાઠવેલ પ્રત્યુત્તર ધ્યાને લેતાં તેમજ જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન અને ડ્રેનેજ ખાતા ધ્વારા જાહેર સત્તા મંડળને સ્પર્શતા સંયુકત મુદ્દાઓ અંગે બિલકુલ માહિતી આપેલ ન હોઈ ભવિષ્યમાં આ અંગે કાળજી લેવા જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૧

પ્રતિ,
(૧) (૧)ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)(૨) ઈ.ચા.ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) (૩) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)(૪)સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (હાઈડ્રોલીક,રોડ વિભાગ, લીંબાયતઝોન) (૫) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) (૬) ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) (૭) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) (૮) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ડ્રેનેજ) .....જાણ તથા અમલ માટે .

(૨) શ્રી અજય ચંદ્રનાથ શર્મા,